## ઉમરેઠ વિધાનસભા પેટા ચૂંટણીનું રણશિંગુ ફૂંકાયું, 30મી માર્ચથી પ્રક્રિયા શરૂ

# ઉમરેઠ વિધાનસભાની પેટા ચૂંટણીમાં 2.42 લાખ મતદારો જનાદેશ આપશે

**વિધાનસભાના** 306 મથકો પર મતદાન અને ચોથી મેના રોજ પરિણામ

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.25

દેશના ચૂંટણી પંચ દ્વારા ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે. આગામી 30મી માર્ચ, સોમવારના રોજ ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ થવાની સાથે જ ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થશે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર પ્રવીણ ચૌધરીના માર્ગદર્શન હેઠળ સમગ્ર ચૂંટણી પ્રક્રિયાને પારદર્શી બનાવવા માટે 19 નોડલ ઓફિસરો અને વિવિધ ટીમોની નિમણૂક કરી દેવામાં આવી છે.

ઉમરેઠ વિધાનસભા બેઠકમાં પુરુષ મતદારોનું વર્ચસ્વ જોવા મળી રહ્યુ છે. આ બેઠક પર કુલ 2,42,836 મતદારો નોંધાયેલા છે. આંકડાકીય દ્રષ્ટિએ જોઈએ તો પુરુષ મતદારો 1,25,705ની સંખ્યા મહિલા મતદારો 1,17,128 કરતા 8577 જેટલી વધારે છે. આ ઉપરાંત 146 સર્વિસ વોટર્સ પણ આ ચૂંટણીમાં ભાગ લેશે. કુલ 306 મતદાન મથકો 213 બિલ્ડીંગોમાં કાર્યરત થશે, જેમાં 238 મથકો ગ્રામ્ય વિસ્તારમાં અને 68 મથકો શહેરી વિસ્તારમાં આવેલા છે. મતદાન મથકોની ઘનતાનું એનાલીસીસ કરતા જણાય છે કે, 302 મથકો પર સરેરાશ 1100 મતદારો છે, જ્યારે એક મથક એવું છે જ્યાં સૌથી વધુ 1200 મતદારો નોંધાયા છે. તેનાથી વિપરીત 3 મથકો પર 300થી ઓછા મતદારો છે. આ સાથે આચારસંહિતા ભંગની ફરિયાદ માટે નાયબ જિલ્લા વિકાસ અધિકારી કાર્તિક કાચાની નિમણૂક કરાઈ છે. નાગરિકો 1950 ટોલ ફ્રી નંબર અથવા cVIGIL એપ્લિકેશન પર ફરિયાદ કરી શકે છે.

### ઐતિહાસિક મતદાનના આંકડા શું કહે છે?

ઉમરેઠ વિધાનસભામાં છેલ્લા કેટલાક વર્ષોમાં મતદાનની ટકાવારીમાં ઉતાર-ચઢાવ જોવા મળ્યો છે. 2019ની લોકસભામાં 65.27 ટકા મતદાન થયું હતું, જે 2022ની વિધાનસભા ચૂંટણીમાં વધીને 68.44 ટકા થયું હતું. જોકે, 2024ની લોકસભા ચૂંટણીમાં આ આંકડો ઘટીને 63.14 ટકા પર આવી ગયો હતો. આ વખતે મતદાનની ટકાવારી વધારવા કલેક્ટર દ્વારા ખાસ અપીલ કરવામાં આવી છે.

| ચૂંટણી કાર્યક્રમ | તારીખ |
|---|---|
| જાહેરનામું પ્રસિદ્ધ થશે | 30મી માર્ચ, 2026 |
| ફોર્મ ભરવાની છેલ્લી તારીખ | છઠ્ઠી એપ્રિલ, 2026 |
| મતદાનની તારીખ | 23મી એપ્રિલ, 2026 |
| મતગણતરી | ચોથી મે, 2026 |

**વિશેષ મતદાન મથકોની વ્યવસ્થા**

- સખી મતદાન મથક: 02 (મહિલા સંચાલિત)
- દિવ્યાંગ સંચાલિત મથક: 01
- યુવા અધિકારી સંચાલિત: 02
- મોડેલ મતદાન મથક: 05

# આણંદના અક્ષર ફાર્મમાં પાંચ દિવસીય ‘શ્રી હરિ પર્વ’નો પ્રારંભ

**સનાતન** ધર્મના સંતો દ્વારા પૂજન-અર્ચન કરાયું



(પ્રતિનિધિ) આણંદ તા.25

પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણના 245મા પ્રાગટ્ય ઉત્સવ ઉપક્રમે આણંદની ઉત્સવ ભૂમિ અક્ષર ફાર્મમાં પાંચ દિવસીય ‘શ્રી હરિ પર્વ’નો અભૂતપૂર્વ પ્રારંભ થયો છે. મહોત્સવના પ્રથમ દિવસે ભગવાન સ્વામિનારાયણ અને ભગવાન શ્રી રામચંદ્રજીનું સનાતન ધર્મના મૂર્ધન્ય સંતો-મહંતો દ્વારા પૂજન કરી સમૂહ આરતી ઉતારવામાં આવી હતી.

આ પ્રસંગે ખાસ તૈયાર કરાયેલા ભવ્ય પ્રદર્શનમાં નીલકંઠ વર્ણીના સમગ્ર ભારત વિચરણની ઝાંખી રજૂ કરવામાં આવી છે, જેને નિહાળી ભક્તોએ ધન્યતા અનુભવી હતી. વન્ય કુટિરો પાસે બિરાજીત ભગવાન સમક્ષ વિરાટ જળ કુંડમાં તરતા હજારો દીવડાઓની અનોખી આભા આકર્ષણનું કેન્દ્ર બની હતી.

આ ધાર્મિક કાર્યક્રમો અંતર્ગત રાત્રે 8થી 10 દરમિયાન વિદ્વાન વક્તા પૂજ્ય કૃષ્ણપ્રિય સ્વામી દ્વારા પ્રાચીન શાસ્ત્રો અને આધુનિક પ્રેરણા વિષય પર કથામૃતનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. તેમણે ભગવાન સ્વામિનારાયણ દ્વારા સ્થાપિત મૂલ્યોની આજના સમયમાં ઉપયોગીતા પર પ્રકાશ પાડ્યો હતો. આ પર્વ આગામી પાંચ દિવસ સુધી ચાલશે, જેમાં દરરોજ રાત્રે કથા પારાયણનો લાભ મળશે. મહોત્સવની પૂર્ણાહુતિ 28મીના રોજ સાંજે 6થી 8 વાગ્યે થશે. ભગવચરણ સ્વામી તેમજ કોઠારી યજ્ઞસેતુ સ્વામીએ સૌ જનતાને ભાવભીનું આમંત્રણ પાઠવ્યું છે.

## ખેડા જિલ્લા પંચાયત ચૂંટણીમાં અનામત બેઠકોની ફાળવણી મુદ્દે વિવાદ

# કપડવંજ તાલુકાની તમામ 6 બેઠકો વારંવાર અનામત જાહેર થતા રોષ

**સમાન** તકની માંગ સાથે ચૂંટણી પંચમાં ફરિયાદ

(પ્રતિનિધિ) કપડવંજ તા.25

ખેડા જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી પૂર્વે બેઠકોની ફાળવણીમાં ‘ચઢતા-ઉતરતા’ ક્રમની વિસંગતતાને કારણે વિવાદ ઉગ્ર બન્યો છે. કપડવંજ તાલુકાની બેઠકો સતત અનામત કેટેગરીમાં આવતી હોવાથી સામાન્ય વર્ગના ઉમેદવારોને અન્યાય થતો હોવાના આક્ષેપ સાથે APMC સદસ્ય અનંત પટેલ દ્વારા ગુજરાત રાજ્ય ચૂંટણી પંચમાં સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી છે.

### ગ્રામજનોની મુખ્ય માંગણીઓ

- **રોટેશન પદ્ધતિમાં સુધારો:** અનામત ફાળવણીમાં એક ચૂંટણીમાં ચઢતો ક્રમ અને બીજી ચૂંટણીમાં ઉતરતો ક્રમ અપનાવવાની માંગ કરવામાં આવી છે જેથી તમામ વિસ્તારોને સમાન તક મળે.
- **પુનરાવર્તન ટાળવું:** સરકારી માર્ગદર્શિકા મુજબ અનામત બેઠકોની ફાળવણી વારાફરતી પદ્ધતિથી કરવી જોઈએ અને અગાઉની બેઠકોનું પુનરાવર્તન ટાળવું જરૂરી છે.

ખેડા જિલ્લા પંચાયતની કુલ 42 બેઠકોમાંથી 1 થી 18 બેઠકો અનામત જાહેર કરવામાં આવી છે, જ્યારે 19 થી 42 બેઠકો બિનઅનામત રાખવામાં આવી છે. આ પદ્ધતિના કારણે કપડવંજ તાલુકાની તમામ 6 બેઠકો- અલવા, આંબલીયારા, અંતિસર, અંત્રોલી, બેટાવાડા અને લેટર- વારંવાર અનામત વિસ્તારમાં આવી જાય છે. આ પરિસ્થિતિને કારણે બિનઅનામત (સામાન્ય) વર્ગના સક્ષમ ઉમેદવારો ચૂંટણી લડવાના અધિકારથી વંચિત રહી જાય છે, જે લોકશાહીના સમાનતાના સિદ્ધાંત વિરુદ્ધ હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. આ મામલે સ્થાનિક સ્તરે ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે અને આગામી સમયમાં ચૂંટણી પંચ આ અંગે શું નિર્ણય લે છે તેના પર સૌની મીટ મંડાયેલી છે.

## આણંદમાં નરેન્દ્ર મોદી વિચાર મંચ દ્વારા વુમેન્સ ડે નિમિત્તે રક્તદાન શિબિર યોજાઇ






આણંદ સ્થિત નરેન્દ્ર મોદી વિચાર મંચની મહિલા શાખા દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે સ્વૈચ્છિક રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેબિનેટ મંત્રી રમણભાઈ સોલંકી, સાંસદ મિતેષભાઈ પટેલ અને ધારાસભ્ય યોગેશભાઈ પટેલ સહિતના અનેક મહાનુભાવોએ હાજરી આપી હતી. જિલ્લા પ્રભારી વર્ષાબેન દોષી અને સંગઠનના વિવિધ પદાધિકારીઓની પ્રેરક ઉપસ્થિતિમાં આ સેવાકીય પ્રવૃત્તિને સફળ બનાવવામાં આવી હતી. મહિલા શાખાના આ પ્રયાસમાં જિલ્લા અને શહેર સંગઠનના હોદ્દેદારો તેમજ યુવા મોરચાના કાર્યકરોએ જોડાઈને મહિલા શક્તિનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

## એસપી સફીન હસનની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઈ

# મહીસાગર જિલ્લામાં રામનવમી પર્વની સુરક્ષા માટે પોલીસ તંત્ર સજ્જ

**શોભાયાત્રાના** આયોજકો સાથે સંવાદ કરી રૂટ અને ભીડ નિયંત્રણ અંગે અપાઈ સૂચના

(પ્રતિનિધિ) લુણાવાડા તા.25

લુણાવાડા સહિત સમગ્ર મહીસાગર જિલ્લામાં આગામી રામનવમીના પવિત્ર પર્વની શાંતિપૂર્ણ અને ભક્તિમય માહોલમાં ઉજવણી થાય તે હેતુથી જિલ્લા પોલીસ તંત્ર દ્વારા સઘન તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. જિલ્લા પોલીસ અધિક્ષક સફીન હસનના અધ્યક્ષ સ્થાને યોજાયેલી મહત્વપૂર્ણ બેઠકમાં સુરક્ષા અને વ્યવસ્થાના ભાગરૂપે વિવિધ પાસાઓની સમીક્ષા કરવામાં આવી હતી.

મહીસાગર જિલ્લાના વિવિધ વિસ્તારોમાં રામનવમી નિમિત્તે નીકળનારી શોભાયાત્રાઓ અને ધાર્મિક કાર્યક્રમોના આયોજકો સાથે પોલીસ અધિક્ષકે સીધો સંવાદ કર્યો હતો. આ બેઠકમાં શોભાયાત્રાના રૂટની પસંદગી, સમય મર્યાદા અને ભીડ નિયંત્રણ અંગે વિસ્તૃત ચર્ચા કરી જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. કોઈપણ અનિચ્છનીય ઘટના ન બને તે માટે સંવેદનશીલ વિસ્તારોમાં વિશેષ પેટ્રોલિંગ અને દેખરેખ રાખવા પોલીસ તંત્રને આદેશ અપાયા છે. શ્રદ્ધાળુઓ નિર્ભય બનીને ભગવાન રામના જન્મોત્સવની ઉજવણી કરી શકે તે માટે પોલીસ તંત્ર કટિબદ્ધ છે. આ ઉપરાંત, સોશિયલ મીડિયા પર ફેલાતી અફવાઓ રોકવા માટે સાયબર સેલને સતર્ક કરવામાં આવ્યું છે.

મહિસાગર પોલીસ અધિક્ષક દ્વારા આયોજકોને ધ્વનિ પ્રદૂષણના નિયમોનું પાલન કરવા અને ટ્રાફિક વ્યવસ્થામાં ખલેલ ન પહોંચે તે રીતે પોલીસને સહકાર આપવા અપીલ કરવામાં આવી છે. હાલ સમગ્ર જિલ્લામાં શોભાયાત્રાને લઈને તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### ખેડા એસ.ટી. ડેપો ખાતે બે નવીન ગુર્જરનગરી બસોનું ભવ્ય લોકાર્પણ કરાયું

**ખેડા |** રાજ્ય સરકાર દ્વારા ખેડા ડેપોને ફાળવવામાં આવેલી બે નવી બસોનું શહેર ભાજપ પ્રમુખ અને નગરપાલિકા પ્રમુખના હસ્તે રિબિન



કાપી લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ નવીન બસો ખેડા-વડોદરા-દાહોદ અને ખેડા-ધોળકા-દાહોદના રૂટ પર દોડશે, જેનાથી મુસાફરોની સુવિધામાં વધારો થશે. કાર્યક્રમમાં ડેપો મેનેજર એફ.એમ. મલેક સહિત એસ.ટી.ના કર્મચારીઓ અને સ્થાનિક અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. નવી બસોના આગમનથી ખેડા ડેપોની પરિવહન સેવા વધુ સુદ્રઢ બનશે અને લાંબા અંતરના મુસાફરોને મોટી રાહત મળશે.

### ગ્રીનપ્લાય સ્પેશિયાલિટી પેનલ્સ દ્વારા વડોદરા પ્લાન્ટમાં બીજી એમ.ડી.એફ લાઇન માટે ભૂમિ પૂજન

**વડોદરા |** ગ્રીનપ્લાય સ્પેશિયાલિટી પેનલ્સ દ્વારા વડોદરા સ્થિત સુવિધામાં બીજી MDF ઉત્પાદન લાઇન માટે ભૂમિ પૂજન કરવામાં આવ્યું છે. આ મહત્વકાંક્ષી વિસ્તરણ પ્રોજેક્ટ માટે કંપની દ્વારા અંદાજે રૂ.425 કરોડનું માતબર રોકાણ કરવામાં આવશે. આ નવી ઉત્પાદન લાઇન નાણાકીય વર્ષ ૨૦૨૮ના બીજા ત્રિમાસિક સુધીમાં પૂર્ણ થઈ કાર્યરત થવાની અપેક્ષા છે. ભૂમિ પૂજન પ્રસંગે કંપનીના ચેરમેન રાજેશ મિત્તલ, સાનિધ્ય મિત્તલ અને ૩૫થી વધુ ડીલર્સ ઉપસ્થિત રહ્યા હતા. દેશમાં રહેણાંક અને કોમર્શિયલ ક્ષેત્રે MDFની વધતી માંગને પહોંચી વળવા આ એક વ્યૂહાત્મક પગલું છે. આ નવા પ્લાન્ટ દ્વારા વડોદરા અને આસપાસના વિસ્તારોમાં મોટા પાયે નવી રોજગારીની તકો સર્જાશે. આ પ્રોજેક્ટથી મેન્યુફેક્ચરિંગ અને સંબંધિત ક્ષેત્રોમાં સ્થાનિક સ્તરે કુશળતા વિકાસ (Skill Development) ને વેગ મળશે. રહેણાંક, વ્યાપારી અને મોડ્યુલર ફર્નિચરની જરૂરિયાતોને આ આધુનિક સુવિધા દ્વારા સંતોષવામાં આવશે. ચેરમેન રાજેશ મિત્તલના જણાવ્યા અનુસાર, આ વિસ્તરણ ભારતની મેન્યુફેક્ચરિંગ ક્ષમતા મજબૂત કરવાની પ્રતિબદ્ધતા છે. આ પ્રોજેક્ટ પૂર્ણ થતા ગ્રીનપ્લાય MDF ક્ષેત્રમાં પોતાની અગ્રણી સ્થિતિ અને પ્રાદેશિક આર્થિક વિકાસને વધુ મજબૂત બનાવશે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને ‘ગુજરાતમિત્ર’ આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### સુણાવ અને વિશ્નોલીના બીએલઓનું શિલ્ડ અને સન્માનપત્ર આપી વિશેષ સન્માન કરાયું



**પેટલાદ |** પેટલાદ તાલુકાની મોરડ પ્રાથમિક શાળાના શિક્ષક અને બીએલઓ સુપરવાઈઝર પરેશભાઈ પટેલે એક અનોખી પહેલ કરી સુણાવ-વિશ્નોલી ગામના તમામ બીએલઓનું સન્માન કર્યું હતું. આ કાર્યક્રમમાં બીએલઓ દ્વારા કરવામાં આવેલી શ્રેષ્ઠ કામગીરી બદલ તેમને શિલ્ડ અને સન્માનપત્ર અર્પણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સુપરવાઈઝર પરેશભાઈએ તમામ બીએલઓ મિત્રોએ નિષ્ઠાપૂર્વક અને જવાબદારીપૂર્વક બજાવેલી રાષ્ટ્રીય ફરજની પ્રશંસા કરી હતી. આ અવસરે તેમણે તમામ કર્મચારીઓનો આભાર માની પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી, જે અન્ય કર્મચારીઓ માટે પ્રેરણારૂપ બની છે.

### કપડવંજની માણેકલાલ દેસાઈ કિશોર મંદિર શાળામાં વાર્ષિકોત્સવ - ઇનામ વિતરણ કાર્યક્રમ યોજાયો

**કપડવંજ |** કપડવંજ કેળવણી મંડળ સંચાલિત આ શાળામાં વર્ષ દરમિયાન શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રવૃત્તિઓમાં શ્રેષ્ઠ દેખાવ



કરનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા વાર્ષિકોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગત વાર્ષિક પરીક્ષામાં ઉત્કૃષ્ટ પરિણામ લાવનાર તેજસ્વી વિદ્યાર્થીઓને દાતાઓના સહયોગથી ઇનામો આપીને નવાજવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ચિન્ટુભાઈ પટેલ, નિરવભાઈ પટેલ તથા તરૂણભાઈ શાહ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી પ્રોત્સાહિત કર્યા હતા. અંદાજે એક હજાર વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે યોજાયેલા આ કાર્યક્રમથી બાળકોમાં ભારે ઉત્સાહ અને આનંદનો માહોલ જોવા મળ્યો હતો.

### કપડવંજના ઇન્દ્રપ્રસ્થ બંગલોઝમાં ચૈત્રી નવરાત્રીની ભવ્ય ઉજવણી કરવામાં આવી

**કપડવંજ |** કપડવંજના રત્નાકર માતા રોડ પર આવેલા ઇન્દ્રપ્રસ્થ



બંગલોઝ સંકુલમાં ચૈત્રી નવરાત્રી મહોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. અહીં દમયંતીબેન બારોટના સૌજન્યથી મા આનંદના ગરબા અને રોનક પટેલના નિવાસ્થાને હનુમાન ચાલીસાના પાઠનું સુંદર આયોજન કરાયું હતું. રાણી માસીબા અને મહિલા ભજન મંડળ દ્વારા પ્રસ્તુત ભક્તિમય રાસ-ગરબાની રમઝટમાં સંકુલના રહીશો મોટી સંખ્યામાં જોડાઈ મંત્રમુગ્ધ થયા હતા. આ કાર્યક્રમના અંતે આયોજકો દ્વારા તમામ ભાવિક ભક્તો માટે પ્રસાદની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી.

### કપડવંજની તોરણા કન્યા શાળાની દીકરીને 490 ટી-શર્ટની ભેટ અર્પણ કરાયાં

**કપડવંજ |** કપડવંજ તાલુકાની તોરણા કન્યા શાળામાં અમદાવાદના નવીન ગ્રુપ દ્વારા ડો. વિરાજબેન મુન્શાની પ્રેરણાથી 490 ટી-શર્ટનું




વિતરણ કરવામાં આવ્યું હતું. અંદાજે રૂ. 1.20 લાખની કિંમતના આ ટી-શર્ટ ડો. વિરાજબેન દ્વારા સરકારી શાળાઓમાં જરૂરિયાત મુજબ દાતાઓના સંપર્કથી અપાવવામાં આવેલ દાનનો ભાગ છે. શાળાની દીકરીઓ આ ટી-શર્ટનો ઉપયોગ હવેથી ‘આનંદદાયી શનિવાર’ અંતર્ગત ડ્રેસ કોડ તરીકે કરશે. આ ઉમદા કાર્ય બદલ શાળા વ્યવસ્થાપન સમિતિ અને શાળા પરિવારે દાતાનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

### ઠાસરા તાલુકાની 8 ગ્રામ પંચાયતો ‘ટીબી મુક્ત’ જાહેર, મહાત્મા ગાંધીની પ્રતિમાથી સન્માનિત




**ઠાસરા |** કલેક્ટરના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમમાં ઠાસરા તાલુકાની ચદાસર, જાખેડ સહિત 8 પંચાયતોને સિલ્વર અને બ્રોન્ઝ કેટેગરીમાં ટીબી ફ્રી સર્ટિફિકેટ એનાયત કરાયા. આ પ્રસંગે પંચાયતના સરપંચો અને સ્ટાફને ગાંધીજીની કાંસ્ય પ્રતિમા આપી ટીબી નિર્મૂલન ઝુંબેશમાં શ્રેષ્ઠ કામગીરી બદલ ગૌરવન્વિત કરવામાં આવ્યા હતા. સાથોસાથ ઓઝરાળા અને એકલવેલુ ગામના બે આરોગ્ય કર્મચારીઓને નિક્ષય પોષણ યોજનાની પ્રશંસનીય કામગીરી બદલ વિશેષ સન્માનિત કરાયા હતા. સમયસર સારવારથી ટીબી મટી શકે છે. ના સંદેશ સાથે ભારતને ક્ષય મુક્ત કરવાના વડાપ્રધાનના આહવાનને સાકાર કરવાની આ પ્રસંગે કટિબદ્ધતા વ્યક્ત કરી હતી.

### ચારુતર વિદ્યા મંડળના અધ્યક્ષ ભીખુભાઈ પટેલનું ‘શાલીન માનવરત્ન’ એવોર્ડથી ભવ્ય સન્માન



**આણંદ |** ચારુતર વિદ્યા મંડળના અધ્યક્ષ અને શિક્ષણવિદ ભીખુભાઈ પટેલને શિક્ષણ અને સમાજસેવા ક્ષેત્રે તેમના અમૂલ્ય પ્રદાન બદલ પ્રતિષ્ઠિત ‘શાલીન માનવરત્ન’ સન્માનથી વિભૂષિત કરવામાં આવ્યા છે. વેમાર (કરજણ) ખાતે સંત ભગવંત સાહેબજીના દિવ્ય સાનિધ્યમાં યોજાયેલા એક ઐતિહાસિક સમારોહમાં ભીખુભાઈ પટેલને આ એવોર્ડ એનાયત કરી તેમની સાદગી અને સેવાકીય ભાવનાને બિરદાવવામાં આવી હતી. આ પ્રસંગે સ્વાધ્યાય પરિવારના ધનશ્રી દીદીનું પણ સન્માન કરાયું હતું, જેમાં દેશ-વિદેશના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

### વાસદમાં સેમકોમ કોલેજ દ્વારા સાત દિવસીય એનએસએસ શિબિરનું આયોજન કરાયું



**આણંદ |** ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટીની સેમકોમ કોલેજ દ્વારા વાસદ ગામમાં સામાજિક જાગૃતિ અને ગ્રામ વિકાસના હેતુથી વાર્ષિક NSS શિબિર યોજાઈ હતી. આ શિબિરમાં હેલ્થ ચેક-અપ, મફત મોતિયાના ઓપરેશન અને ટીબી જાગૃતિ જેવી સેવાકીય પ્રવૃત્તિઓ સાથે 166 યુવતીઓને આત્મરક્ષાની તાલીમ પણ આપવામાં આવી હતી. સાંસદ મિતેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં સાયબર સુરક્ષા, પર્યાવરણ જાળવણી અને વિવિધ જાગૃતિ રેલીઓ યોજવામાં આવી હતી. પ્રિન્સિપાલ ડો. પ્રીતિ લુશાણાના માર્ગદર્શન હેઠળ સ્વયંસેવકોએ ગામના પ્રશ્નોનો અહેવાલ તૈયાર કર્યો હતો.

### ચોમાસા અને ઉનાળાની કઠિન પરિસ્થિતિમાં ઘરોને સુરક્ષિત રાખવા લાંબા ગાળાના આયોજન પર ભાર

વડોદરા | વડોદરામાં એશિયન પેઇન્ટ્સ દ્વારા ચોમાસામાં પાણીના ચૂવાણ અને ઉનાળાની ગરમી સામે રક્ષણ આપવા નવું જાગૃતિ અભિયાન શરૂ કરાયું છે. છેલ્લા 13 વર્ષથી કાર્યરત ‘ડેમ્પ પ્રૂફ’ ઘરમાલિકોને અગાશી અને દીવાલો પર વિશ્વસનીય સુરક્ષા પૂરી પાડવામાં મદદરૂપ થઈ રહ્યું છે. આ સોલ્યુશન દિવાલો અને છત પર એક જાડું રક્ષણાત્મક સ્તર તૈયાર કરે છે, જે કઠિન હવામાન સામે લાંબા સમય સુધી ટકી રહે છે. તાજેતરમાં રજૂ થયેલી પ્રચાર ફિલ્મમાં અગાશીનું લીકેજ અને છતની ગરમી જેવી સામાન્ય સમસ્યાઓને રસપ્રદ રીતે દર્શાવાઈ છે. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય ઘરમાલિકોમાં યોગ્ય અને વિશ્વસનીય વોટરપ્રૂફિંગ પસંદ કરવા અંગે જાગૃતિ લાવવાનો છે. ડેમ્પ પ્રૂફમાં ખાસ હીટ-રિફ્લેક્ટિવ કોટિંગનો સમાવેશ થાય છે જે સપાટીના તાપમાનમાં અંદાજે ૧૦ ડિગ્રી સુધી ઘટાડો કરે છે. આ ટેકનોલોજી ઉનાળાની આકરી ઋતુમાં ઘરના આંતરિક વાતાવરણને વધુ આરામદાયક રાખવામાં સહાયરૂપ બને છે. કંપનીના જણાવ્યા મુજબ, આ પ્રયાસ દ્વારા ગ્રાહકોને ગુણવત્તા, વિશ્વસનીયતા અને લાંબા ગાળાની સુરક્ષા વિશે માહિતગાર કરાશે.

### ખંભોળજમાં ચેહરધામ ખાતે ચૈત્રી નવરાત્રિ નિમિત્તે 400થી વધુ બાળકોને પૌષ્ટિક ભોજન અપાયું

**આણંદ |** ખંભોળજના સુપ્રસિદ્ધ ચેહર માતાજીના મંદિરે ભુવાજી નાગજીભાઈ રબારીના માર્ગદર્શન હેઠળ સેવકગણ દ્વારા વિશેષ



સેવાકાર્ય યોજાયું હતું. આ પ્રસંગે ગામની કુમાર, કન્યા અને બ્રાન્ચ શાળા સહિત તમામ આંગણવાડીના 400થી વધુ બાળકોને પૌષ્ટિક ભોજન આપવામાં આવ્યું હતું. ચેહરધામમાં દર વર્ષે ચૈત્રી નવરાત્રિ દરમિયાન બાળકોને ભોજન કરાવવાની આ પરંપરા સેવકગણ દ્વારા વર્ષોથી નિભાવવામાં આવે છે. આ કાર્યક્રમમાં ભુવાજી શ્રી જય રબારી અને અન્ય સેવકોએ ઉત્સાહપૂર્વક જોડાઈને બાળકોને સ્વહસ્તે ભોજન પીરસ્યું હતું.